# શિવકુમાર જોષીની નવલકાથાઓમાં પ્રગટ થતી નારીચેતના

પ્રા. હરેશ એમ. ગોળ
ગુજરાતી વિભાગ,
શ્રી યુ.એચ. ચૌધરી આટ્ર્સ કોલેજ, વડગામ. જિ. બનાસકાંઠા, ઉ. ગુજરાત

ગુજરાતી ભાષાના નવલકથાકાર શિવકુમાર જોષીનો જન્મ ઈ.સ. ૧૯૧૬ માં થયો હતો. તેઓએ નવલકથાના ક્ષેત્રે ઈ.સ. ૧૯૫૬ થી ૧૯૮૭ સુધીનાં ૩૧ વર્ષમાં કુલ ૨૮ નવલકથાઓ આપી છે. શિવકુમાર જોષીના સર્જનમાં બંગાળી ભાષાસાહીત્ય અને બંગાળી પ્રજાની ચેતનાનો જે સંસ્પર્શ શિવકુમારની સંવેદનાને એક જુદું પરિણામ આપનાર નીવડ્યો છે. તેમની નવલકથાઓમાં માનવસંબંધોની સંકુલભાત ઉપસી છે. અનેક સ્તરીય સંબંધભાત સ્ત્રીપુરૂષ સંબંધની રહી છે. પિતૃસ્તાક એવા ભારતીય સમાજમાં પુરૂષનું સ્થાન અનુે પુરૂષે કુટુંબમાં ભજવવાનો ભાગ એકવિધતાવાળો છે. સ્ત્રીપુરૂષ સંબંધમાં સ્ત્રી અન્ય સૌની સાથે લોહીની તેમજ હદયની બંને સગાઈઓમાં પાર વિનાનું વૈવિધ્ય છે, જુદા જુદા કાળે જુદા જુદા સાંસ્કૃતિક વારસાને કારણે મૂલ્યો, રિવાજો અને જીવનશૈલીની પરંપરાગત નૈતિક અને સામાજિક બંધનોમાં સ્ત્રીનો ચહેરો ચપટ અને સપાટ થઈ જતો જોવા મળે છે. શિવકુમાર જોષીની નવલકથાઓમાં નારીના બદલાતા ચહેરા પાછળ જે ચેતના પ્રગટે છે તેને પામવાનો મારો આ પ્રયત્ન છે. પરિવર્તન પામતા જતા કૌટુંબિક અને સામાજિક પરિપ્રેક્ષમાં આ ચેતના જુદુ સ્થાન અને દરજ્જો ઈચ્છે એ પ્રક્રિયા નોંધવાનો પ્રયત્ન છે.

માનવજીવન સૃષ્ટિમાં નારીને વંશનો તંતુ અતૂટ રાખવાની એક અત્યંત વિશિષ્ટ એવી કામગીરી સોંપાયેલી છે. ઋતુધર્મ, ગર્ભધારણ અને પ્રસૂતિનો અનુભવ નારી માટે તત્વતઃ પ્રાકૃતિક છે. પૂર્વ અને પ્રશ્ચિમ બંને પરંપરામાંથી એવા ઉદાહરણ મળી આવે છે કે જેમાં સ્ત્રી શક્તિનો આદર અપાર ભક્તિભાવથી થયો હોય. ગુજરાતી નવલકથાકાર શિવકુમાર જોષીએ નારીચેતનાને વાસ્તવિક રીતે એમના નારીપાત્રોમાં નિરૂપી છે. એ નારી પાત્રો જે કૌટુંબિક – સામાજિક સંદર્ભોમાં ઉદય પામે, વિકસે ને લય પામે તેમાં પણ નારીચેતનાનું સ્વરૂપ સુક્ષ્મપણે આવિર્ભાવ પામતું આવે છે. શિવકુમારની નવલકથા સૃષ્ટિમાં પુત્રી તરીકેનું રૂપ આલેખાયેલું છે. તેમની નવલકથાઓમાં કાજલ, ચાંદની, સૂતચા, મંદરમાલા, વાસવી, શાશ્વતી, આરતી અને પાર્વતી, સુચિતા, પાવની, કલહંસી, ઈશિતા, નમિતા, નિચા, તિલોતમા, જેવાં પુત્રી પાત્રોમાં નારીચેતનાનો એક વિશેષ આલેખાયો છે. પુત્રી તરીકે નિરૂપાયલાં આ પાત્રો પરંપરાગત નારીચેતના કરતાં વિશેષરૂપના નારીભાવને મૂર્ત કરે છે. શિવકુમાર જોષીના આ નારીપાત્રો તેમના માતા – પિતા માટે હવે સાપના ભારા રહ્યાં નથી આ એક મોટું નોંધપાત્ર સ્થિતત્યંતર છે. ‘દીકરીને ગાય દોરે ત્યાં જાય’ એ પ્રકારની લાચારી અનુભવતા પરાવલંબી આ નારીપાત્રો નથી. નવી પેઢીની આ યુવતીઓને પ્રેમ સ્વતંત્રતાની ઝંખના છે. લજ્જાનો શરમાળા હોવાનો કોઈ પડદો ઓઢીને ઘરની વચલી ઓરડીમાં પુરાઈ રહેનારી આ યુવતીઓ નથી. સ્ત્રી સહજ લાગણીશીલતા અને કેળવણી પ્રાપ્ત બુધ્ધિથી આ કિશોરીઓ પોતાના જીવનના નાના મોટા આંતરબાહ્ય, સ્થૂળસૂક્ષ્મ સંબંધો વિશે સભાન છે. શારીરિક, માનસિક પ્રશ્નોની

નિખાલસતાપૂર્વક ચર્ચા કરી શકે છે. પુત્ર સમોવડી પુત્રીઓની એક હારમાળા જાણે કે શિવકુમારે સર્જી આપી છે. પુત્રી તરીકેના નારીચેતનાના આવિર્ભાવના આલેખનમાં શિવકુમાર જોષી નર્યા પરંપરાનિષ્ઠ નથી તો સાવ સામેના છેડાના બળવાખોર પણ નથી. પરંપરાના સદતત્વોનો વિનિયોગ આ કિશોરીઓ કયાંક જોવા મળે છે. ત્યારે કાજલ જેવી કિશોરીઓ લગ્નને બંધન માનતી નથી અને એનો વિધાયકરૂપમાં સ્વીકાર કરે છે. આ બધી કિશોરીઓ સાવ મુગ્ધ કે નિર્દોષ પણ નથી. એ સ્વાભિમાની, ચાલાક, તેમજ વિદગ્ધા પણ છે. રૂપનું રૂપિયામાં રૂપાંતર થઈ શકે એનું એને ભાન પણ છે. શિવકુમાર ની નવલકથામાં મૂર્ત થયેલું અને ગુજરાતી સમાજમાં આવેલું આ પરિવર્તન સામાજિક દ્રષ્ટિએ ખૂબજ અગત્યનું છે.

શિવકુમારે પુત્રીના રૂપને જે ઉમળકાથી આલેખ્યું છે તે પોતે જ એમના માતૃરૂપ પ્રત્યેના ઉમળકાની સાક્ષી પુરે છે. તેમની નવલકથાઓમાં માતાના છ-સાત પાત્રોમાં જયમનબહેન, સાવિત્રી, કુંજબાળા, પૂરબીગુહા, સરયૂ, અને સુલભા મુખ્ય છે. સંતાનના જન્મ, ઉંછેર અને સંવર્ધન માટે તન, મન, ધનથી અહર્નિશ મથામણ કરનારી મા તો અહી છે જ. શિવકુમારનું આ આલેખન કહેવાતું આધુનિક કે પશ્ચિમપરસ્ત નથી એક અપવાદરૂપ મા. પોતાના દેહને સાધન બનાવી સંતનાને ઉછેરવા મથતી મા ભાવકને મૂંઝવે છે. શિવકુમારના માતા-પિતા તરીકેના નારીપાત્રોમાં મહદઅંશે માનુષીરૂપ આલેખાયું છે. પત્ની તરીકેના જે રૂપ આલેખ્યા છે તેમાં નારીસંવાદી ચેતના નથી પત્ની તરીકે પતીને નૈતિક રીતે કે માનસીક રીતે પરંપરાગત રૂપમાં વફાદર રહેતી સ્ત્રી શિવકુમારની નારિસૃષ્ટિમાં ઓછી નજરે ચઢે છે. પતિ સાથે પત્નિ તરીકેનાં બંધનમાં પુરાઈ ગયા પછીએ. કોઈ અકળ અકળામણ અનુભવે છે. શિવકુમાર નારીસૃષ્ટિમાંની નમિતા જેવી પત્ની ઈબ્સનની નોરાની વંશજ લાગે છે.

ભારતીય પરંપરાના સંદર્ભમાં નારીનું બહેન તરીકેનું કલ્યાણકારી રૂપ આલેખાયું છે. શિવકુમારે અલ્પના, સુમેધા, સુપ્રિયા, શુચિતા, સુતયા, અંજના અને આરતીનું બહેન તરીકેનું આલેખન કર્યું છે. આ આલેખનમાં નારી તરીકે બહેન કલ્યાણ વાંછનારી છે. બીજી એક બાબત નોધપાત્ર બની રહેનારી છે જ્યાં તદ્દન સગા ભાઈ-બહેનની કથા આલેખી છે ત્યાં તેમણે પરંપરાગત નૈતિકતાએ ભાઈ-બહેનના સંબંધોના સંબંધનો આદર કર્યો છે પણ ભાઈ અને બહેન વચ્ચે લોહીનો સંબંધ નથી કંઈક દૂરના સગા છે ત્યાં ત્યાં આ સંબંધોમાં માનવહૃદયની શાશ્વત વૃતિઓનો પ્રભાવ આલેખાયેલો જોવા મળે છે.

માનવસંબંધોમાં મિત્રતાનો સંબંધ એ માનવજાતની મહામૂલી મૂડી છે. મૈત્રી એ તો મિત્રના મનની મિરાત છે. શિવકુમારે એનું મહત્વ સમજીને કેટલાક નારીપત્રોના મૈત્રીસંબંધ આલેખ્યા છે એમાં પાવની, ચાંદની, જિની, શોભા, અલિસ, ક્ષિપ્રાનો સમાવેશ થાય છે. મૈત્રીસંબંધમાં રહેલી મર્યાદાના મલાજાને શિષ્ટ, સંયમી આલેખ્યો છે. સ્ત્રી-પુરૂષની મૈત્રીમાં દેહસંબંને સ્થાન નથી. તે પાવનીના પાત્રમાં સ્પષ્ટ થાય છે. " અસીમના પડછાયા " ની નાયિકા જિની અમેરીકન યુવતી તરીકે આલેખાઈ હોવા છતાં પોતે જાતે આંકેલી રેખાને અનુસરે છે. એટલું જ નહિ જિની પોતાની આ મૈત્રીભાવનાની પાછળ રહેલાં કોઈ અગોચર તત્વો રહસ્યપૂર્વક યાદ કરે છે. શિવકુમારે કરેલું સ્ત્રીપુરૂષની મૈત્રીનું આલેખન એમના પોતાના આલેખન, સ્વાનુભવન, અવલોકન અને તીવ્ર સંવેદનાના પૃથ્થકરણનું

સુભગ પરિણામ છે. આ રીતે જોતાં શિવકુમારની નવલકથા સૃષ્ટિમાં આલેખાયેલી નારી ચેતનાનું વર્તુળ મોટી ત્રિજ્યાવાળું છે એટલુ જ નહિ ભારતીય રૂઢિગત સમાજમાં સંબંધની એક વિલક્ષણ ભાન ઉપસાવનારૂં પણ છે.

શિવકુમાર જોષીની સર્જનસૃષ્ટિની ત્રિજ્યા લાંબી છે. નારીને પરંપરાગત રૂપોમાં જ નહિ પણ એનાં કેટલાંક શક્તિવિશેષના સંદર્ભમાં પણ જોઈ છે એટલે કે અમેણે કેટલાંક નારીપાત્રોને પોતાની વિશિષ્ટ શક્તિ કેળવતાં અને વિશિષ્ટ સિધ્ધિનાં શિખરો સર કરતાં દર્શાવ્યાં છે . ‘અમીશી’ની શાશ્વતી આચાર્ય છે. એની કેળવણીની લાગણી એના ચરિત્રને એક દ્રઢતા આપે છે. ‘ગંગા બહેન ની સલાહ’ માત્ર વ્યવસાયિક પરિચારિકા નહિ પરિચારિકારૂપે મમતામૂર્તિ કે કરૂણાદેવી બની રહે છે. ‘કેસૂડે કામણ ધોળ્યાં’ ની મિલ્લી આનંદમયીના અવતાર છે. અભિનેત્રી તરીકે ઉમેદ અને આકાંક્ષા સેવનારી છે. ‘આભરૂપે એની નવલખ ધારે’ ની ચાંદની માત્ર સુંદર જ નહિ અગાથ પરિશ્રમથી સાધના કરીને એક નૃત્યાંના તરીકે રજુ થાય છે. આજ નવલકથાની કાજલ શાંતિનિકેતનમાં અભ્યાસ કરી ચિત્રકાર તરીકે ઉપસી આવે છે. એની ઉમેદ તો એવી છે કે પોતે પિંછી દ્વારા કંઈ દોરે અને અશેષ કલમ દ્વારા આલેખે એ બંને આંતરબાહ્ય સૃષ્ટિ તેના આદિ અને અંત સાથે એને સમગ્રપણે બાથમાં લેવા મથે છે એની કલાભક્તિ એક પ્રકારની જીવનપૂજા આ જ નવલકથાની જયમનબહેન વિધવા માતા છે પણ કલેકટર થવાનું વેગળું મૂકી પુત્રને પ્રોફેસર થવાની પ્રેરણા આપનારી સાચા અર્થમાં શિક્ષણને સમર્પિત થનારી શિક્ષિકા છે. એ જ જયમનબહેન બેતાલીસની લડતમાં સક્રિય ભાગ લેતી સ્વાતંત્ર્યસેનાની છે. એની રાષ્ટ્રિયચેતનાના રંગે રંગાયેલી છે. અને અવારનવાર સમાજમાં વિભિન્નક્ષેત્રે પોતાની શક્તિમતિ મુજબ સમાજસેવિકા તરીકે પણ સક્રિય બની રહે છે. ગાંધીજીની વિચારણા અને ગાંધીજીની ચેતના સાથેની એની એકરૂપતા એવી તીવ્ર છે કે એ ગાંધીજીના મૃત્યુ પછી એમને અપાતી અંજલીઓ સાંભળતાં સાંભળતાં મૃત્યું પામે છે. નારીચેતનાનો આવો ગાંધીરંગ્યો વિશેષ તો ગાંધીયુગના ર. વ. દેસાઈ જેવા નવલકથાકારની નારીસૃષ્ટિમાં પણ સાંપડવો સહેલો નથી “ચોપાટચું મંડાણી ચંદન ચોકમાં” ની સુદર્શના પણ સમાજસેવિક છે. નારીવાદી તરીકે પોતાને ઓળખાવ્યા સિવાય નારીના પ્રશ્નો ઉકેલવામાં નારીના અત્યાચારોનો સામનો કરવામાં નારીને સ્વયંનિર્ભર બનાવવામાં પોતાની તમામ તાકાતને લગાવે છે. શિવકુમારમાં આ પ્રકારના નારીપાત્રો દ્વારા નારીચેતનાનો જે વિકાસ થયો છે. તેનો સાક્ષાત્કાર કરાવે છે. શિવકુમારના નવલકથા સાહિત્યને એના ચોક્કસ સામાજિક સંદર્ભમાં મૂલવવાના પ્રયત્નો નહિવત્ થયા છે એટલે ૨૮ નવલકથામાં પડેલા આ નારીપાત્રો ગુજરાતી ભાવકની આંખે વણદેખ્યાં રહી ગયા છે. શિવકુમારનાં મોટા ભાગનાં નારીપાત્રોની ચેતનાના ઘડતરમાં એમની કલાપ્રીતિએ અને કલ્પનાના શિક્ષણે મહત્વનો ભાગ ભજવ્યો છે.